દાખલ તારીખ : ૨૦/૦૮/૨૦૧૮

રજુ તારીખ : ૨૦/૦૮/૨૦૧૮

ફેંસલ તારીખ : ૩૧/૦૭/૨૦૧૯

સમય ગાળો:વર્ષ:૦૦માસ:૧૧દિવસ:૧૧

************************************************************

**મે.પંચમહાલના જીલ્લાના સાતમાં એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમા, મુ.હાલોલ.**

************************************************************

**<u>સેશન્સ કેસ નં. ૫૭/૨૦૧૮</u>**

**આંક–૬૬**

**<u>ફરીયાદી</u>:** શ્રી સરકાર...

**વિરુધ્ધ..**

**<u>આરોપીઓ</u> :** (૧). ભુરાભાઈ ઉર્ફે ભુરીયા જીવણભાઈ ચારણ,ઉ.વ.૨૩

(૨). પુનાભાઈ ઉર્ફે પુનિયા જીવણભાઈ ચારણ,ઉ.વ.૨૨,

(૩). કિશનભાઈ ઉર્ફે ચંગુ રવિભાઈ ગોરખા,ઉ.વ.૨૦,

(૪). લાલાભાઈ રાયભણભાઈ ભરવાડ,ઉ.વ.૨૬,

(૫). બાલાભાઈ જેસીંગભાઈ ભરવાડ,ઉ.વ.૪૦,

(૬). મફાભાઈ જીવણભાઈ ભરવાડ,ઉ.વ.૨૩,

(૭). મેલાભાઈ કાળુભાઈ ભરવાડ,ઉ.વ.૪૦,

(૮). કાનાભાઈ ગોકળભાઈ ચારણ,ઉ.વ.૨૯,

તમામ રહે.હાલોલ,તા.હાલોલ,જિ.પંચમહાલ.

--------------------------------------

દાખલ તારીખ : ૨૧/૦૮/૨૦૧૮

રજુ તારીખ : ૨૧/૦૮/૨૦૧૮

ફેંસલ તારીખ : ૩૧/૦૭/૨૦૧૯

સમય ગાળો:વર્ષ:૦૦માસ:૧૧દિવસ:૧૦

**સેશન્સ કેસ નં.૫૮/૨૦૧૮**

**ફરીયાદી:** શ્રી સરકાર...

**વિરુધ્ધ..**

**આરોપીઓ :** (૯). રામાભાઈ ઉર્ફે રામલો ગોવિંદભાઈ ઉર્ફે રાયભણ ભાઈ ભરવાડ,

(૧૦).ભોજાભાઈ ઉર્ફે ભોટલો રાયભણ ભાઈ ભરવાડ,

(૧૧). રણુ ઉર્ફે રણીયો ગોવિંદભાઈ ભરવાડ,

ત્રણેય રહે.સંતનગર દાવડા ફળીયુ, હાલોલ, તા.હાલોલ, જિ.પંચમહાલ.

************************************************************

ગુનો:-ઈ.પી.કોડની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯,૩૦૭, ૩૨૫, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૨૦બી તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ.

************************************************************

---

શ્રી સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી કુ.એલ.આર.શેઠ

આરોપીઓ તરફે : વિ.વ.શ્રી ડી.એસ.ગોસાઈ

---

**<u>ઠ રા વ</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તપનભાઈ હસમુખભાઈ ઠકકર,ઉ.વ.૨૬,ધંધો:વેપાર,રહે.૧૨,ઘનશ્યામનગર, હાલોલ, તા.હાલોલ,જિ.પંચમહાલનાઓએ તા.૯/૧૧/૨૦૧૩ના રોજ પાવાગઢ પો.સ્ટેશનના ઈ/ચા. પો.ઈ.શ્રી વી.આર.બાજપાઈ સમક્ષ પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, આરોપીઓએ તા.૯/૧૧/૨૦૧૩ના રોજ બપોરના ૧:૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી તપનભાઈ હસમુખભાઈ ઠકકર,રહે.૧૨, ઘનશ્યામનગર, હાલોલનાઓ બસ સ્ટેશન પાસે આવેલ નરેન્દ્રભાઈ ભયલાલભાઈ ચૌહાણની ચાની લારી તેમજ તેમના પાનબીડીના ગલ્લા ઉપર તેઓ બંને દુકાનનો સામાન ગોઠવતા હતા તે દરમ્યાન આ કામનો આરોપી ભુરાભાઈ ઉર્ફે ભુરીયા જીવણભાઈ ચારણ, તથા આરોપી પુનાભાઈ ઉર્ફે પુનિયા જીવણભાઈ ચારણ, તથા આરોપી કિશનભાઈ ઉર્ફે ચંગુ રવિભાઈ ગોરખાનાઓ લોખંડનો સળીયો લઈને આવી નરેન્દ્રભાઈને મા–બેન સમાણી ગાળો આપી લોખંડના સળીયાથી માર મારી નરેન્દ્રભાઈને ડાબા હાથે મારી ગંભીર ઈજા કરેલ થતા ફરીયાદી તેઓની મો.સા. ઉપર નરેન્દ્રભાઈને બેસાડી છાયા હોસ્પીટલ, હાલોલ દવા સારવાર માટે લઈ આવેલા અને નરેન્દ્રભાઈને દાખલ કરી ફરીયાદી તેઓના ઘરે જવા નિકળેલા તે દરમ્યાન

ક.૧૫/૩૦ વાગ્યે મોજે હાલોલ નગરપાલીકાની નજીક આરોપીઓએ પૂર્વયોજીત કાવતરુ રચી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા એક સંપ કરી ગે.કા. મંડળી રચી હાથમાં લોખંડની પાઈપો તથા લાકડીઓ વિગેરે મારક હથિયારો સાથે એસેન્ટ ગાડી નં.જીજે૧કેએન–૮૮૭૪માં તથા આજુબાજુથી આવી આરોપી ભુરાભાઈ ઉર્ફે ભુરીયા જીવણભાઈ ચારણ તથા આરોપી પુનાભાઈ ઉર્ફે પુનિયા જીવણભાઈ ચારણ તથા આરોપી કાનાભાઈ ગોકળભાઈ ચારણનાએ મા–બેન સમાણી ગાળો બોલી તથા આરોપી ભુરાભાઈ ઉર્ફે ભુરીયા જીવણભાઈ ચારણનાએ તુ નરેન્દ્રભાઈને અવાર નવાર છોડાવવા વચ્ચે કેમ પડે છે અને આજે પણ તુ નરેન્દ્રને દવાખાનામાં કેમ લઈ ગયેલો તેમ કહી મા– બેન સમાણી ગાળો આપી આજે તને પતાવી દેવો છે તેમ કહી કાનાભાઈ ગોકળભાઈ ચારણનાએ ફરીયાદીને લોખંડની પાઈપથી માથામાં મારી ગેબી ઈજા કરી તથા આંગળી પાસે ગંભીર ઈજા પહોંચાડી તેમજ આરોપી પુનાભાઈ ઉર્ફે પુનિયા જીવણભાઈ ચારણનાએ લોખંડની પાઈપ જમણા પગે ઘૂંટણથી નીચેના ભાગે મારી ઈજા પહોંચાડેલ તેમજ આરોપીઓએ ફરીયાદીને લાકડીથી શરીરે માર મારી ગેબી ઈજાઓ કરી તેમજ છોડાવવા સાહેદો વચ્ચે પડતા આરોપી પુનાભાઈ ઉર્ફે પુનિયા જીવણભાઈ ચારણનાએ સાહેદ સુભાષભાઈ રમણભાઈ પરમારને લોખંડની પાઈપથી જમણા હાથમાં મારી ગંભીર ઈજા કરી તેમજ આરોપીઓએ ફરીયાદી

તથા સાહેદ સુભાષભાઈ પરમાર તથા સાહેદ ચિરાગભાઈ પરમાર તથા સાહેદ જીજ્ઞેશભાઈ પરમારનાઓ સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર મારી તથા લાકડી તથા લોખંડની પાઈપોથી માર મારી ફરીયાદી,સાહેદોને જાનથી મારી નાખવાની કોશીશ કરેલ હોય જે બાબતે આજરોજ અત્રે વખતે ફરીયાદ કરવામાં આવેલ છે તો કાયદેસર થવા તેમની ફરીયાદ છે મારા સાહેદો મારી ફરીયાદમાં લખાવેલ માણસો તથા તપાસમાં નીકળે તે વિ. છે તે મતલબની ફરીયાદ આપેલ છે.

**(૨)** જે ગુનાની ફરીયાદીની ફરીયાદના આધારે હાલોલ પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૨૩૦/૧૩થી ગુનો દાખલ કરી ત.ક.અ.એ ગુનાની તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ કરી તપાસના અંતે આરોપીઓ નં.૧ થી ૮ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ નીચેની કોર્ટમાં ઈ.પી.કોડની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૦૭,૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૨૦બી તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ અને તે કેસ નીચેની કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરેલુ જેનો ક્રિ. કેસ નં.૭૮૨/૨૦૧૪ નો પડેલો તે જ રીતે આરોપીઓ નં.૯ થી ૧૧ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ નીચેની કોર્ટમાં ઈ.પી.કોડની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૨૦બી તથા

જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાનુ પુરવણી ચાર્જશીટ રજુ કરેલ અને તે કેસ નીચેની કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરેલુ જેનો ક્રિ.કેસ નં.૧૨૩૫/૨૦૧૪ નો પડેલો સદર કેસોની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટને હોય તેઓશ્રીએ આરોપીઓને ચાર્જશીટ તથા તપાસના તમામ પેપર્સની નકલો વિના મૂલયે આપી સદર ક્રિ.કે. નં.૭૮૨/૧૪, ક.૨૦૯ હેઠળ તા.૧–૮–૧૮ ના રોજ તથા ક્રિ.કે.નં.૧૨૩૫/૧૪,તા.૦૧/૦૮/૨૦૧૮ નારોજ હાલોલ સેશન્સ કોર્ટ ખાતે કમીટ કરવામાં આવેલા છે અને તે કેસોના અનુક્રમે સેશન્સ કેસ નં.૫૭/૧૮ તથા ૫૮/૧૮ ના આપવામાં આવેલા અને આ બંને કેસોની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. સે.કે.નં.૫૭/૧૮ તથા સે.કે.નં.૫૮/૧૮ ના કામે ચાર્જશીટ નીચે કરવામાં આવેલ હુકમ મુજબ બંને કેસોની કાર્યવાહી એક સાથે ચલાવવાનો અને પુરાવો સે.કે.નં. ૫૭/૧૮ માં લેવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આરોપીઓ ધોરણસરનો સમન્સ બજાતા અત્રેની ત્રીજી એડી. સેશન્સ કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડ કલમ–૨૨૮(૧) અન્વયે આંક.૮ થી આરોપીઓને તેઓશ્રીએ ઈ.પી.કોડની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭, ૩૨૫, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૨૦બી તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવી આરોપીઓને આ તહોમતનામુ ક્રિ.પ્રો.કોડની કલમ

–૨૨૮(૨) અન્વયે વાંચી સંભળાવી, સમજાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબના આરોપીઓના જવાબ નોંધવામાં આવેલા અને આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદર કેસના નિર્ણય માટે મારે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવા જરુરી બને છે.

**મુદ્દા**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.તા.૯/૧૧/૨૦૧૩ના રોજ બપોરના ૧:૦૦ વાગ્યા ના સુમારે આ કામના ફરીયાદી તથા સાહેદ નરેન્દ્રભાઈ ભયલાલભાઈ ચૌહાણની ચાની લારી તેમજ તેમના પાનબીડીના ગલ્લા ઉપર તેઓ બંને દુકાનનો સામાન ગોઠવતા હતા તે દરમ્યાન આરોપી નં.૧ તથા આરોપી નં.૨ તથા આરોપી નં.૩ નાઓ લોખંડનો સળીયો લઈને આવી સાહેદ નરેન્દ્ર ને મા–બેન સમાણી ગાળો આપી લોખંડના સળીયાથી માર મારી ડાબા હાથે મારી ફ્રેકચર થતા ફરીયાદી તેઓની મો.સા.ઉપર નરેન્દ્રભાઈને બેસાડી છાયા હોસ્પીટલ, હાલોલ દવા સારવાર માટે લઈ આવેલા અને નરેન્દ્ર ને દાખલ કરી ફરીયાદી તેઓના ઘરે જવા નિકળેલા દરમ્યાન ક.૧૫/૩૦ વાગ્યે મોજે હાલોલ નગરપાલીકાની નજીક આરોપીઓએ પૂર્વયોજીત કાવતરુ રચી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા એક સંપ કરી ગે.કા.મંડળી રચી હાથમાં લોખંડની પાઈપો તથા લાકડીઓ વિગેરે મારક હથિયારો સાથે એસેન્ટ ગાડી નં.જીજે૧કેએન–૮૮૭૪માં તથા આજુબાજુથી આવી આરોપી

નં.૧ તથા આરોપી નં.ર તથા આરોપી નં.૮ના એ મા—બેન સમાણી ગાળો બોલી તથા આરોપી નં.૧નાએ તુ નરેન્દભાઈને અવાર નવાર છોડાવવા વચ્ચે કેમ પડે છે અને આજે પણ તુ નરેન્દને દવાખાનામાં કેમ લઈ ગયેલો તેમ કહી મા—બેન સમાણી ગાળો આપી આજે તને પતાવી દેવો છે તેમ કહી એક માત્ર મારી નાખવાના ઈરાદે પુરી જાણકારી તથા જ્ઞાન સાથે ફરીયાદીને આરોપી નં.૮નાએ લોખંડની પાઈપથી માથામાં મારી ગેબી ઈજા કરી તથા આંગળી પાસે ફ્રેકચર કરી તથા આરોપી નં.ર નાએ લોખંડની પાઈપ જમણા પગે ઘૂંટણથી નીચેના ભાગે મારી ઈજા પહોંચાડેલ તેમજ તમામ આરોપી ઓએ ફરીયાદીને લાકડીથી શરીરે માર મારી ગેબી ઈજાઓ કરી તથા આરોપી નં.રનાએ સાહેદ સુભાષભાઈ પરમારને લોખંડની પાઈપથી જમણા હાથમાં ફ્રેકચર કરી તેમજ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ સુભાષભાઈ પરમાર તથા સાહેદ ચિરાગભાઈ પરમાર તથા સાહેદ જીજ્ઞેશભાઈ પરમાર નાઓ સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર મારી તથા લાકડી તથા લોખંડની પાઈપોથી માર મારી ફરીયાદી,સાહેદોને જાનથી મારી નાખવાની કોશીશ કરી ઈ.પી.કો. કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૪૩૫,૫૦૪,૩૩૭ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા કરેલા છે ?

ર. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ઉપરોકત તારીખ, સમય અને સ્થળે ઉપરોકત વ્યવહારના ભાગરુપે આરોપીઓએ ફરીયાદી,સાહેદોને લાકડીઓથી તથા લોખંડની પાઈપોથી માર મારી ઈજાઓ કરી તેમને સ્વેચ્છાપુર્વક વ્યથા તથા મહાવ્યથા

પહોંચાડીને ઈ.પી.કો. કલમ–૩૨૩,૩૨૫,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા કરેલા છે ?

૩. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખ, સમય અને સ્થળે ઉપરોકત વ્યવહારના ભાગરુપે આરોપીઓ ફરીયાદી તથા સાહેદો ઉપર ઉશ્કેરાઈ જઈને જાહેર સુલેહ શાંતીનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવા ઈરાદાથી અથવા તેવો સંભવ હોવાનું જાણવા છતાં ફરીયાદી, સાહેદોને મા–બેન સમાણી ગાળો બોલી, તેમનું ઈરાદાપુર્વકનું અપમાન કરી, ઉશ્કેરાટનું તેમને કારણ આપી ઈ.પી.કો. કલમ–૫૦૪,૧૨૦બી,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા કરેલા છે ?

૪. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખ, સમય અને સ્થળે ઉપરોકત વ્યવહારના ભાગરુપે આરોપીઓએ ફરીયાદી, સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ઈ.પી. કો. કલમ–૫૦૬(૨),૧૨૦બી,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા કરેલા છે ?

૫. ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે અધીક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપીઓએ જાહેરમાં લાકડીઓ તથા લોખંડની પાઈપો ધારણ કરી તેનો ઉપયોગ કરી હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલો છે ?

૬. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. નકારમાં.

૬. છેવટના હુકમ મુજબ.

(૬) આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૧ હેઠળ ફરીયાદપક્ષનો પુરાવો આરોપીની રુબરુમાં નોંધવામાં આવેલો. ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો ગુનો પુરવા કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| સાહેદ નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| પી.ડબલ્યુ નં.૧ | તપન હસમુખભાઈ ઠકકર | ફરીયાદી | ૨૦ |
| પી.ડબલ્યુ નં.૨ | સુભાષભાઈ રમણભાઈ પરમાર | સાહેદ | ૨૫ |
| પી.ડબલ્યુ નં.૩ | ચીરાગભાઈ સુભાષભાઈ પરમાર | સાહેદ | ૨૯ |
| પી.ડબલ્યુ નં.૪ | જીજ્ઞનેશભાઈ સુભાષભાઈ પરમાર | સાહેદ | ૩૦ |
| પી.ડબલ્યુ નં.૫ | નટુભાઈ રાયભણભાઈ રબારી | સાહેદ | ૩૨ |
| પી.ડબલ્યુ નં.૬ | રાજુભાઈ શાંતીલાલ પરમાર | સાહેદ | ૩૩ |

| | | | |
|---|---|---|---|
| પી.ડબલ્યુ નં.૭ | સુધાબેન ચુનીલાલ પરમાર | સાહેદ | ૩૪ |
| પી.ડબલ્યુ નં.૮ | ડૉ.દીલીપ હરીસીંહ સોલંકી | મેડી.ઓફીસર | ૩૭ |
| પી.ડબલ્યુ નં.૯ | જયકુમાર ભરતભાઈ શાહ | પંચ સાહેદ | ૪૩ |
| પી.ડબલ્યુ નં.૧૦ | પ્રતિકકુમાર રામચંદ્ર પટેલ | પંચ સાહેદ | ૪૫ |
| પી.ડબલ્યુ નં.૧૧ | રાકેશભાઈ રમણલાલ શાહ | પંચ સાહેદ | ૪૯ |
| પી.ડબલ્યુ નં.૧૨ | જીતેન્દ્રભાઈ મગનલાલ ભગત | પંચ સાહેદ | ૫૨ |
| પી.ડબલ્યુ નં.૧૩ | સતીસભાઈ ડાહ્યાભાઈ બારીયા | પંચ સાહેદ | ૫૩ |
| પી.ડબલ્યુ નં.૧૪ | જીતેન્દ્રકુમાર કનુભાઈ પટેલ | ત.ક.અ. | ૫૯ |

## **<u>દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૧ |
| ૨ | ફરીયાદી તપનભાઈ ઠકકરનુ એમ.એલ.સી. | ૩૮ |
| ૩ | સુભાષભાઈ પરમારનુ એમ.એલ.સી. | ૩૯ |
| ૪ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૪૪ |
| ૫ | આરોપીઓના શરીર સ્થિતિનુ પંચનામુ | ૪૬ |
| ૬ | કલમ–૨૭ હેઠળનુ પંચનામુ | ૪૭ |
| ૭ | આરોપીઓએ રજુ કરેલ મુદ્દામાલનુ પંચનામુ | ૫૦ |
| ૮ | આરોપી કાનાભાઈએ રજુ કરેલ મુદ્દામાલનુ પંચનામુ | ૫૧ |
| ૯ | સુચિપત્ર | ૬૦ |
| ૧૦ | ગુન્હો દાખલ કરવા માટે આઈ.ઓ. એ કરેલ હુકમ | ૬૧ |
| ૧૧ | સુભાષભાઈએ આર્શીવાદ હોસ્પીટલમાં સારવાર આપવામાં આવી હતી તે અંગેનુ એમ.એલ.સી. | ૬૨ |
| ૧૨ | પી.આઈ.શ્રીનાએ એફ.આઈ.આર.માં ૧૨૦બી નો ઉમેરો કરવા | ૬૩ |

| | | |
|---|---|---|
| | એડી.ચીફ જ્યુડી.મેજી.ને લખેલ પત્ર | |
| ૧૩ | પ્રાથમીક અહેવાલ | ૬૪ |

(૭) ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી કલોઝીંગ પુરસીસ એ.જી.પી.શ્રી એ આંક.૬૫ થી રજુ કરેલ છે જેથી ફરીયાદપક્ષ તરફથી વધુ કોઈ પુરાવો રજુ થઈ શકેલ નથી. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડ ક.૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવે છે. વિશેષમાં પોતે સોગંદ ઉપર જુબાની કે પોતાના બચાવમાં કોઈ સાહેદ તપાસવા નથી તેવુ જાહેર કરેલ. આમ, આરોપીઓ તરફે આ કામમાં કોઈ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ સરકારશ્રી તરફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ તથા આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એસ.ગોસાઈ ની દલીલો સાંભળી.

(૮) સરકાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે તપાસેલા ૧૪ સાહેદોનો પુરાવો વંચાણે લેતાં આરોપીઓએ પૂર્વયોજીત કાવતરુ રચી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા એક સંપ કરી ગે.કા.મંડળી રચી હાથમાં લોખંડની પાઈપો તથા લાકડીઓ વિગેરે મારક હથિયારો સાથે એસેન્ટ ગાડી

નં.જીજે૧કેએન–૮૮૭જમાં તથા આજુબાજુથી આવી ફરીયાદી,સાહેદોને જાણકારી અને જ્ઞાન સાથે મારી નાખવાના ઈરાદે લોખંડની પાઈપો તથા લાકડી વડે માર મારી ફરીયાદી તથા સાહેદોને ફ્રેકચર સહીતની ગંભીર ઈજાઓ કરેલી છે તેમજ ગડદાપાટુનો માર મારી ગેબી ઈજા કરેલ છે અને ફરીયાદી સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકકીકતને સમર્થન આપેલ છે. પંચ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ પંચનામાઓમાં પોતાની સહી ઓળખી બતાવી પંચનામાઓ રજુ કરેલા છે, તબીબી સાહેદનો પુરાવો વંચાણે લેતા તેમના સમક્ષ ફરીયાદી, સાહેદે હુમલો થયાની હીસ્ટ્રી આપેલી છે અને આ હુમલામાં ફરીયાદી સાહેદને ફ્રેકચર થયેલ હોવાની હકીકતને સમર્થન મળતુ હોવાનુ સ્પષ્ટ થાય છે, પોલીસ સાહેદોનો પુરાવો નહી માનવાનુ કોઈ કારણ નથી, વિગેરે હકીકતો જણાવી આરોપીઓને આક્ષેપીત ગુનામાં તકસીર વાર ઠરાવી વધુમાં વધુ કેદની શિક્ષા કરવા ભારપૂર્વક વિનંતી કરે છે

(૯) આરોપીઓ તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષના ફરીયાદી સહીતના તમામ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકત ને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે, પંચસાહેદો પંચનામાની વિગતે કે ફરીયાદપક્ષના કેસની હકીકતે સમર્થન કરતા નથી, તબીબી સાહેદ પુરાવો વંચાણે લેતા ઈજા પહોંચાડનારના નામ લખાવેલા

નથી, બીજી તરફ કોઈ વ્યકિત સખત અને બોથડ પદાર્થ પર પડે અથવા અથડાય તો પણ સર્ટી.માં જણાવ્યા મુજબની ઈજા થવા સંભવ હોવાનુ જણાવતા હોય તબીબી સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને કોઈ ખાસ મદદ મળતી હોવાનુ જણાતુ નથી તે જ રીતે ત.ક.અ.શ્રીને બનાવની કોઈ અંગત માહીતી નથી વિગેરે હકીકતો જણાવી આરોપીઓને આક્ષેપીત ગુનાઓમાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવા ભારપૂર્વક વિનંતી કરેલી છે.

**<u>–::કા ર ણો::–</u>**

**<u>મુદ્દા નં.૧ તથા ર:–</u>**

**(૧૦)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદી અને બનાવના ઈજા પામનાર અને બનાવને નજરે જોનાર **સાહેદ નં.૧ તપનભાઈ હસમુખભાઈ ઠકકરને આ કામે આંક.ર૦ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ કેટલા વર્ષ પહેલા બનેલો તે યાદ નથી તે દિવસે તેઓ જી.આઈ.ડી.સી.માં પડી ગયેલા ત્યા તેમને ટચલી આગળીમાં વાગેલુ પોલીસે તેઓને પો.સ્ટે.માં બોલાવી સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી ત્યા તેઓના મિત્રો હાજર હતા. વધુમાં એવુ કાંઈ બનેલ નથી કે તેમના મીત્રને કોઈ બબાલ થઈ હોય તેમને કંઈ વાગ્યુ હોય તેવુ તેમને યાદ નથી તેઓ કાંઈ

જાણતા નથી તેમ જણાવી નિ.૭/૩વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક.૨૧ થી રજુ કરે છે. વધુમાં તેઓને વાગેલુ તેની દવાખાનામાં સારવાર કરાવેલી તેમ જણાવે છે. આમ, આ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય એ.જી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ પણ એ.જી.પી. શ્રીએ પુછેલ પ્રશ્ન ના જવાબમાં ફરીયાદી એ ફરીયાદની મહત્વની તમામ હકીકતોને સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને પોતાની સરતપાસને વળગી રહેલ છે અને સાહેદે આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓ કોઈ પણ આરોપીને કયારેય મળેલા નથી કે ઓળખતા નથી. એ વાત ખરી છે કે, તેઓ તા.૯.૧૧.૧૩ ના રોજ સવારથી રાત્રીના મોડા સુધી હાલોલ જી.આઈ.ડી.સી.માં હતા અને ત્યાં પડી જવાથી તેમને હાથ પર સામાન્ય ઈજા થયેલી. એ વાત ખરી છે કે, તેઓ ને કે ચીરાગભાઈ, સુભાષભાઈ,જીગ્નેશભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હુમલો કરેલ નથી તેમજ પોલીસે તેમની તૈયાર ફરીયાદમાં સહી મેળવી લીધેલી. વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૨ સુભાષભાઈ રમણભાઈ પરમાર ને આ કામે આંક.૨૫ થી** તથા **સાહેદ નં.૩ ચીરાગભાઈ સુભાષભાઈ પરમાર ને આ કામે આંક.૨૯ થી** તથા **સાહેદ નં.૪ જીજ્ઞેશભાઈ સુભાષભાઈ પરમાર**

**ને આંક.૩૦ થી** તથા **સાહેદ નં.પ નટુભાઈ રાયભણભાઈ રબારીને આંક.૩૨ થી** તથા **સાહેદ નં.૬ રાજુભાઈ શાંતીલાલ પરમારને આંક.૩૩ થી** તથા **સાહેદ નં.૭ સુધાબેન ચુનીલાલ પરમારને આંક.૩૪ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે આ તમામ સાહેદો પૈકી સાહેદ સુભાષભાઈ પરમારે હાલોલ નગર પાલીકા કાર્યાલય બહાર બુમાબુમ થતા તેઓ ત્યાં આવેલા અને ત્યાં પચાસ થી સો માણસોનુ ટોળુ હતુ અને ધકકામુકકી થયેલ અને ધકકામુકકીમાં તેમનો હાથ દીવાલે અથડાતા વાગેલુ બીજા કોઈને વાગ્યુ હોય તેની તેમને ખબર નથી તેમજ ધકકામુકકી કરનાર માણસોને ઓળખ્યા હોય કે કઈ વ્યકિતએ કોઈ વ્યકિતને મારતા જોયા હોય કે કંઈક કહેતા સાંભળ્યા હોય તેવુ બનેલ નથી તેમજ સાહેદ ચીરાગભાઈ પરમાર,જીજ્ઞેશભાઈ પરમારનાઓએ હાલોલ નગર પાલીકા કાર્યાલય બહાર બુમાબુમ થતા તેઓ ત્યાં આવેલા અને ઘણા લોકોની અવર જવર હતી અને બધા ગભરાઈને દોડાદોડી કરતા અને લોકો અંદરોઅંદર ઝપાઝપી કરતા હતા, ટોળામાં કોણે કોને શુ મારેલુ તેની ખબર નથી, ઘણાલોકોની દોડાદોડીથી ધકકો વાગતા પડી જવાથી સુભાષભાઈને ઈજા થયેલી હોવાનુ અને બનાવ બાબતે તપનભાઈ હસમુભાઈએ પોલીસમાં ફરીયાદ આપેલ હોવાનુ જાણેલુ તેમજ બનાવમાં કોઈ વ્યકિતને મારતા જોયા હોય તેવુ બનેલ નથી તેમજ તેવા કોઈ ઈસમોના નામઠામ

તેઓના જવાબમાં લખાવેલા નથી બનાવ શી બાબતે બનેલો તેની તેઓને ખબર નથી જયારે કર્ણોપ્રકર્ણ સાહેદો નટુભાઈ રબારી,સુઘાબેન પરમાર,રાજુભાઈ પરમાર બનાવ સમયે તેઓ હાજર ન હોય બનાવમાં શુ બનેલુ અને કોની કોની વચ્ચે બનેલ તેની તેઓને ખબર ન હોવાનુ અને બનાવ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી તે સિવાય તેઓ કંઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે અને તેઓની આરોપી તરફે કરવામાં ઉ.ત.માં પોલીસે તેઓનુ નામઠામ તથા સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કોઈ પોલીસે તેઓને પુછેલ નથી કે તેઓએ પોલીસને લખાવેલ નથી. આમ, આ તમામ સાહેદો પોતાના પોલીસ નિવેદની હકીકતને સમર્થન આપતા ન હોય એ.જી.પી.શ્રીની વિનંતીથી તેઓ તમામને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ પણ એ.જી.પી. શ્રીએ પુછેલ પ્રશ્ન ના જવાબમાં આ તમામ સાહેદો પોલીસ નિવેદનની તમામ હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને પોતાની સરતપાસને વળગી રહેલ છે. આમ, ફરીયાદ પક્ષના ફરીયાદી સહીતના તમામ સાહેદો ફરીયાદ કે પોલીસની નિવેદનની હકીકતો ને અને ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

**(૧૧)** ફરીયાદપક્ષ તરફે ઈજા પામનારા ફરીયાદી તપનભાઈ હસમુખભાઈ ઠકકર અને સાહેદ સુભાષભાઈ રમણભાઈ પરમારને સારવાર આપનાર તબીબી **સાહેદ નં.૭ ડૉ.દીલીપ હરીસીંહ સોલંકીને આંક.૩૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તારીખ ૯/૧૧/૧૩ ના રોજ તપનભાઈ હસમુખભાઈ ઠકકરનાઓને મારી પાસે સારવાર માટે લાવવામાં આવેલા તેઓએ હુમલાની હીસ્ટ્રી આપેલી. મેં તેમને તપાસતા ડાબા હાથની હથેળીના ઉપરના ભાગે સોજો હતો અને દુખાવો હતો તેમજ તે જગ્યા સામાન્ય કરતા જુદા પ્રકારની થઈ ગઈ હતી અને આંગળીઓનું હલનચલન દુખાવાવાળુ હતુ અને કોઈ નસ કે ચેતાતંત્ર ની ઈજા ન હતી. મે તેમનો એક્ષ-રે કાઢેલો તેમા ડાબાહાથના હથેળીના ઉપરના ભાગે પાંચમી મેટાકાર્પલનું ફ્રકેચર જાણવા મળેલ. આ ઈજા ગંભીર પ્રકારની હતી તથા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી તાજી ઈજા હતી અને જો કોઈ કોમ્પલીકેશન ઉભા ન થાય તો ચાર થી છ અઠવાડીયામાં સાજી થઈ શકે તેવા પ્રકારની હતી તેમ જણાવી ઈજાનુ પ્રમાણત્ર આંક.૩૮ થી રજુ કરે છે તેમજ ત્યારબાદ તે જ દિવસે મે બીજા દર્દી નામે સુભાષભાઈ રમણભાઈ પરમારનાઓને પણ તપાસેલા તેઓએ પણ હુમલાની હીસ્ટ્રી આપેલી અને તેમને તપાસતા જમણા

હાથની હથેળીના ઉપરના ભાગે સોજો હતો અને દુખાવો હતો તેમજ તે જગ્યા સામાન્ય કરતા જુદા પ્રકારની થઈ ગઈ હતી અને આંગળીઓનું હલનચલન દુખાવાવાળુ હતુ અને કોઈ નસ કે ચેતાતંત્રની ઈજા ન હતી. મે તેમનો એક્ષ–રે કાઢેલો તેમા જમણા હાથના હથેળીના ઉપરના ભાગ પહેલા મેટાકાર્પલનું ફ્રેકચર જાણવા મળેલ. આ ઈજા ગંભીર પ્રકારની હતી તથા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી તાજી ઈજા હતી અને જો કોઈ કોમ્પલીકેશન ઉભા ન થાય તો બે થી ત્રણ મહીનામાં સાજી થઈ શકે તેવા પ્રકારની હતી. દર્દીએ વડોદરા સારવાર કરાવવા જવાનું જણાવતા મે તેઓને વડોદરા રીફર કરેલા તેમ જણાવી આ બાબતનુ પ્રમાણપત્ર આંક ૩૯ થી રજુ કરેલ છે. વધુમાં આરોપી તરફેની ઉ.ત. મા આ તબીબી સાહેદે કબુલ કરેલ છે કે, બંને દર્દીનોએ પોલીસ યાદી વગર લાવેલા અને બંન્ને દર્દીઓની ઈજાઓ સામાન્ય રીતે જો કોઈ વ્યકિત સખત અને બોથડ પદાર્થ પર પડે અથવા અથડાય તો થઈ શકે તેવા પ્રકારની હતી તેમજ કોઈપણ દર્દીએ હીસ્ટ્રીમાં ઈજા કરનારનુ નામ જણાવેલ ન હોવાનુ અને કયા હથિયારથી માર મારેલ તે જણાવેલ ન હોય તેવા સંજોગોમાં આ તબીબી સાહેદના સોગંદ ઉપરના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને કોઈ મદદ મળતી નથી.

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે રજુ કરેલ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ આંક.૪૪ થી તથા આરોપીઓના શરીર સ્થિતિનુ પંચનામુ આંક.૪૬ થી તથા કલમ–૨૭ હેઠળનુ પંચનામુ આંક.૪૭ થી આરોપીઓએ રજુ કરેલ મુદ્દામાલનુ પંચનામુ આંક.૫૦ થી તેમજ આરોપી કાનાભાઈએ રજુ કરેલ મુદ્દામાલનુ પંચનામુ આંક.૫૧ ના પંચનામાના **પંચ સાહેદ જયકુમાર ભરતભાઈ શાહને આંક.૪૩ થી** તથા **પ્રતિકકુમાર રામચંદ્ર પટેલને આંક.૪૫ થી** તથા **પંચ સાહેદ રાકેશભાઈ રમણલાલ શાહને આંક.૪૯ થી** તથા **પંચ સાહેદ જીતેન્દ્રભાઈ મગનલાલ ભગને આંક.પર થી** તથા **પંચ સાહેદ સતીષભાઈ ડાહયાભાઈ બારીયાને આંક.૫૩ થી** સોગંદ ઉપર તપાસવામા આવેલા છે આ તમામ પંચ સાહેદોએ તેના સોગંદ ઉપરના પુરાવામાં પોલીસે તૈયાર પંચનામામા સહીઓ લીધેલ હોવાનુ અને સહી કર્યા સિવાય પંચનામા વિશે કંઈ જાણતા નહી હોવાનુ જણાવતા હોય તમામ પંચ સાહેદો ને એ.જી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ એ.જી.પી.શ્રીએ પુછેલ પ્રશ્નોના જવાબ તમામ પંચ સાહેદોએ પંચનામાની હકીકતોની સ્પષ્ટ ઈન્કારી કરેલ છે અને પોતાની સર તપાસને વળગી રહે છે અને આરોપી તરફેની ઉલટ તપાસમાં પણ પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનુ તેમજ પોલીસે તેઓની હાજરીમાં કોઈ હથિયાર

કબજે કરેલ ન હોવાનુ જણાવી પંચનામા વિશે કંઈ જાણતા નહી હોવાનો સ્વીકાર કરે છે ત્યારે સ્વતંત્ર પંચ સાહેદોના સમર્થનકારી પુરાવાના અભાવે પંચનામા કે પંચનામાની વિગતે ગુન્હાવાળી જગ્યા કે આરોપીઓની શરીર સ્થિતિ તેમજ આરોપીઓએ શોધી બતાવી રજુ કરેલ મુદ્દામાલ હથિયાર રીકવર કરેલ હોવાનુ પુરવાર થઈ શકેલ નથી.

**(૧૩)** વધુમા ફરીયાદપક્ષ તરફે **ત.ક.અ.,સાહેદ નં.૧૧, પી.આઈ. જીતેન્દ્રકુમાર કનુભાઈ પટેલને આંક.પ૯થી** સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૨મા હાલોલ પો.સ્ટે.મમાં પી. આઈ. તરીકે ફરજ દરમ્યાન તેઓ તા.૯/૧૧/૧૩ ના રોજ રજા ઉપર હતો તે વખતે મારો ચાર્જ વી. આર. બાજપાઈ એ રાખ્યો હતો અને તે દિવસ ેતપનભાઈ હસમુખભાઈ ઠકકર પોલીસ સ્ટેશનમાં આવી ફરીયાદ લખાવી હતી અને તેમના લખાવ્યા મુજબની આંક ૨૧ વાળી ફરીયાદ લખી હતી અને તેમની હાજરીમાં ફરીયાદીએ ફરીયાદ વાંચીને સહી કરી હતી. ત્યારબાદ સદર ફરીયાદની સાથે બાજપાઈએ સુચીપત્ર બનાવ્યુ હતુ અને ફરીયાદ અને સુચીપત્ર સાથે ગુનો રજીસ્ટર કરવા માટે પી. એસ. ઓ. ને સુપ્રત કરી હતી અને પી.એસ. ઓ.એ ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૩૦/૧૩ નો નોંધ્યો હતો જેમા ઈ.પી.કો.

કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબની નોધેલી અને ત્યારબાદ ગુનો રજીસ્ટર્ડ કર્યા પછી આગળની તપાસ વી.આર.બાજપાઈને સુપ્રત કરી હતી અને તે અંગેના સુચીપત્રમાં તેમજ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ.ને લખેલ પત્રમાં બાજપાઈની સહી ઓળખી બતાવી સુચિપત્ર આંક.૬૦ તથા પત્ર આંક. ૬૧ થી રજુ કરેલા છે. ત્યારબાદ આગળની તપાસ બાજપાઈને સોપ્યા બાદ બાજપાઈએ બે પંચોને સાથે રાખી ફરીયાદીએ બતાવેલ બનાવ વાળી જગ્યાનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખ્યુ હતુ અને તેમા સ્થળ અંગેનું એટલે કે ગુનાવાળી જગ્યાનું વર્ણન કર્યુ હતુ અને આંક ૪૪ વાળી ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચોએ પંચનામુ વાચ્યા પછી સહી કરી હતી અને ત્યારબાદ બાજપાઈએ સહી કરી હતી. ત્યારબાદ બાજપાઈએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધા હતા અને ઈજા પામનાર ફરીયાદી તથા સુભાષભાઈએ હાલોલ રેફરલ હોસ્પી. માં સારવાર માટે મોકલી આપ્યા હતા અને તેઓનું આંક ૩૮ તથા ૩૯ વાળુ સર્ટી. મેળવી કામમાં સામેલ રાખેલુ. ત્યારબાદ તારીખ ૧૦/૧૧/૧૩ ના રોજ આ કામના આરોપી ઓને બાજપાઈએ પકડી લીધા હતા અને તેમના નામ ભુરાભાઈ ઉર્ફે ભુરીયા જીવણભાઈ ચારણ, પુનાભાઈ ઉર્ફે પુનીયો જીવણભાઈ ચારણ અને કીશનભાઈ ઉર્ફે

ચંગુ રવીભાઈ ગોરખા તમામ રહે. ઈન્દીરા નગર હાલોલના હોવાનું જણાવેલ અને તે સમયે અમે તેઓના ફોટા, ફીંગરપ્રિન્ટ લીધી હતી અને ત્યારબાદ આરોપીઓને હાલોલ કોર્ટમાં જે.એમ.એફ.સી.સાહેબ પાસે લાવી રીમાન્ડ અરજી મુકતા રીમાન્ડ આપવામાં આવ્યા હતા ત્યારબાદ અમારી કસ્ટડીમાં આવતા બાજપાઈએ આ ત્રણેય આરોપીઓની શરીર સ્થિતીનું પંચનામુ બે પંચોની હાજરીમાં કર્યુ હતુ અને તેઓએ ગુનાના કામે વાપરેલ ગાડી તથા હથીયારો બતાવવાનું કહેતા પંચો તથા આરોપીઓ અને પોલીસના માણસો સાથે સરકારી વાહનમાં બેસ્યા હતા અને આરોપીએ જણાવ્યા પ્રમાણે ગાડી ચલાવી સદર ગાડી ઉભી રખાવી જયા નળીયા વાળુ મકાન આવ્યુ હતુ ત્યા એક ગાડી સફેદ કલરની જી જે ૧ કે એન ૮૮૭૪ ગાડી એસેન્ટ હતી અને તે ગાડી અમારી સમક્ષ રજુ કરી અને તે ગાડી ચાવીથી ખોલી તેમાથી બે વાંસની લાકડી અને એક લોખંડની ગોળ પાઈપ મળી આવતા તે રજુ કરી હતી અને ગાડી તથા બે વાંસની લાકડી અને લોખંડની ગોળ પાઈપ બે પંચોની હાજરીમાં કબ્જે કરી આંક ૪૭ વાળુ પંચનામુ લખવામાં આવ્યુ હતુ અને તેમા બંને પંચોએ અને બાજપાઈએ સહી કરેલી. ત્યારબાદ હું હાજર થઈ જતા બાજપાઈએ સદર કેસનો ચાર્જ મને સોંપ્યો હતો. તારીખ ૧૧/૧૧/૧૩ ના રોજ એટલ કે  બીજે દિવસે લાલાભાઈ રાયભણભાઈ ભરવાડ તથા બાલાભાઈ

જેસીંગભાઈ ભરવાડ, મખાભાઈ જીવણભાઈ ભરવાડ અને મેલાભાઈ કાળુભાઈ ભરવાડ તમામ રહે. સંતનગર, હાલોલનાઓ અમારી સમક્ષ હાજર થયા હતા અને અમે તેઓના ફોટા,ફીંગરપ્રિન્ટ લીધી હતી અને ત્યારબાદ આરોપીઓને હાલોલ કોર્ટમાં જે એમ એફ સી સાહેબ પાસે લાવી રીમાન્ડ અરજી મુકતા રીમાન્ડ આપવામાં આવ્યા હતા અને તેઓનુ શરીર સ્થીતીનું પંચનામુ બે પંચોની હાજરીમાં કર્યુ હતુ અને આ આરોપીઓએ સ્વૈચ્છીક રીતે ગુનાના કામે વાપરેલ વાંસની લાકડીઓ, પ્લાસ્ટીકની પાઈપ એક કુલ ત્રણ લાકડીઓ અને એક પાઈપ પંચોની હાજરીમાં રજુ કરી હતી અને કબજે કરવામાં આવી હતી જે આંક ૫૦ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં લખવામાં આવેલુ અને પંચોએ તે પંચનામુ વાંચીને સહી કરેલી અને પોતે સહી કરેલી. ત્યારબાદ તા.૧૫/૧૧/૧૩ ના રોજ કાનાભાઈ ગોકળભાઈ ચારણ રહે. વડોદરા બાયપાસ રોડ હાલોલ નાઓ તેમની સ્વખુશીથી મારી સમક્ષ હાજર થયા હતા. અમે તેઓના ફોટા, ફીંગરપ્રિન્ટ લીધી હતી અને ત્યારબાદ આરોપીઓને હાલોલ કોર્ટમાં જે એમ એફ સી સાહેબ પાસે લાવી રીમાન્ડ અરજી મુકતા રીમાન્ડ આપવામાં આવ્યા હતા અને તેઓનુ શરીર સ્થિતીનું પંચનામુ બે પંચોની હાજરીમાં કર્યુ હતુ અને આ આરોપીઓએ સ્વૈચ્છીક રીતે ગુનાના કામે વાપરેલ લોખંડની ગોળ પાઈપ રજુ કરી હતી. ઉપરોકત દરેક આરોપીઓના

રીમાન્ડ પુરા થતા તેઓને ના. કોર્ટમાં રજુ કર્યા હતા અને દરેક આરોપીઓને જયુ. કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. આ કામના સાહેદ સુભાષભાઈને વધુ વાગવાથી તેઓ વડોદરા મુકામે આવેલ આશીર્વાદ હોસ્પી. માં સારવાર લઈ રહયા હતા તેથી મે આશીર્વાદ હોસ્પી. ના ડોકટર પાસેથી ઈન્જરી સર્ટી મેળવેલ હતુ જે આ કામે નિશાની ૧૭ /૧૧ થી રજુ છે તે સર્ટી ડોકટરે તેમણે જાતે લખીને આપ્યુ હતુ અને તેમા સહી કરી હતી. સદર ડોકયુકેન્ટને આરોપીના વકીલ શ્રીને આંકે પાડવા સામે વાંધો ન હોય નિશાની ૧૭ /૧૧ ને રજુ દાખલ આંક.૬૨ આપવામાં આવે છે. આ કામે કેસનો અભ્યાસ કરતા સદર કેસમાં ઈપીકો કલમ–૧૨૦(બી) નો ઉમેરો કરવો જરુરી હોવાથી મે તા.૧૮/૧૧/૧૩ નારોજ હાલોલના મહે.એડી. ચીફ જયુડી. સાહેબને એફઆઈ આરમાં ૧૨૦(બી)નો ઉમેરો કરવા પત્ર લખ્યો હતો જે પત્ર આ કામે નિશાની ૧૭/૧૨ થી રજુ છે જેમા મારી સહી છે જે નિશાની ૧૭/૧૨ ને રજુ દાખલ આંક.૬૩ આપવામાં આવે છે. વી.આર. બાજપાઈએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કર્યુ ત્યારે સ્થળ ઉપર સાયન્ટીફીક ઓફીસરને બોલાવવા જાણ કરી હતી અને સાયન્ટીફીક ઓફીસર તા.૧૦/૧૧/૧૩ ના રોજ સ્થળ ઉપર આવી ચકાસણી કરી પ્રાથમીક અહેવાલ તૈયાર કર્યો હતો જે આ કામે નિશાની ૧૭/૧૩ થી રજુ છે જે રજુ દાખલ આંક ૬૪ આપવામાં આવે છે.

મે જે આરોપીઓને અટક કર્યા હતા તે આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે. તા.૨૭/૨/૧૪ ના રોજ મારી ટ્રાન્સફર મહીસાગર જીલ્લામાં થતા આ પો. સ્ટે. નો ચાર્જ મે શ્રી ડી. જે. ચાવડા સાહેબને સુપ્રત કરેલ.ત્યારબાદ તા.૨૮/૨/૧૪ ના રોજ ડી.જે.ચાવડાએ કેસનો અભ્યાસ કર્યા બાદ આરોપીઓ સામે પુરતો પુરાવો હોવાથી ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તા.૧૯/૩/૧૪ ના રોજ વધુ આરોપીઓની તપાસ કરતા રામાભાઈ ઉર્ફે રામલો ગોવિંદભાઈ ભરવાડ, ભોજાભાઈ ઉર્ફે ભોટલો રાયમલભાઈ ભરવાડ તથા રમુ ઉર્ફે રણીયો ગોવિંદભાઈ ભરવાડ તમાર રહે. સંતનગર, દાવડા ફળીયા, હાલોલના હોવાનું તપાસ કરતા મળી આવેલ અને ત્યારબાદ તેઓની પુછપરછ કરતા આ તમામને કલાક ૨૨–૧૫ વાગે અટક કર્યા હતા અને તેઓના ગુના સંબધી પુછપરછ કરી તેમના લખાવ્યા મુજબના નીવેદનો લખવામાં આવ્યા હતા અને આ ત્રણેય આરોપીઓને તા.૨૦/૩/૧૪ ના રોજ ના. કોર્ટમાં રજુ કરેલા અને તેઓને કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલા. આ તમામ આરોપીઓની શરીર સ્થીતીનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ અને આ ત્રણેય આરોપીઓ સામે પુરતો પુરાવો આવતા ડી.જે.ચાવડાએ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલુ જે તમામ આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે તેમ જણાવી બાજપાઈએ સુભાષભાઈ પરમાર, ચીરાગભાઈ સુભાષભાઈ, જીજ્ઞેશભાઈ સુભાષભાઈ, નટુભાઈ રબારી, રાજુભાઈ

પરમાર, સુધાબેન પરમારનુ નિવેદન નોંધેલા હોવાનુ જણાવેલ છે. વધુમાં આરોપીઓ તરફેની ઉ.ત.માં શ્રી બાજપાઇએ ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદી લખી નથી કે પંચનામા પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવેલા નથી કે સાહેદોના નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબ લખવામાં આવેલ નથી અને આરોપીઓ સામે કોઈપણ જાતનો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ એ.જી.પી.શ્રીએ આંક.૬૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૧૪)** ઉપરોકત સમગ્ર હકીકતે ફરીયાદ હકીકતે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ તુલનાત્મક વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે, ફરીયાદી તપન હસમુખભાઈ ઠકકર, સાહેદો સુભાષભાઈ પરમાર, ચીરાગભાઈ પરમાર, જીજ્ઞેશભાઈ પરમાર,નટુભાઈ રબારી, રાજુભાઈ પરમાર અને સુધાબેન પરમાર પૈકી ઈજા પામનારા સાહેદો ફરીયાદી તેમજ સાહેદ સુભાષભાઈ પરમાર તેમજ બાકીના સાહેદો કે જે બનાવને નજરે જોનાર તેમજ કર્ણોપ્રકર્ણ સાહેદો છે આ તમામ ફરીયાદી, સાહેદો પોતાની ફરીયાદ કે પોલીસ નિવેદનની હકીકતોને સમર્થન આપેલ નથી તમામને એ.જી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે પરંતુ

ત્યારબાદ પણ તમામે ફરીયાદ કે પોલીસ નિવેદનની હકીકતોને સમર્થન આપેલ નથી અને બનાવમાં ઈજા પામનાર ફરીયાદી જી.આઈ.ડી.સી.માં પડી જવાથી ટચલી આંગળીમાં ઈજા થયેલ હોવાનુ તેમજ સાહેદ સુભાષભાઈએ પરમારે હાલોલ નગરપાલીકાના કંમ્પાઉન્ડમાં ટોળામાં ધકકામુકકી થવાથી તેમનો હાથ દીવાલને અથડાતા તેમને હાથમાં વાગેલ હોવાનુ જણાવેલ છે અને આરોપીઓ તરફેની લીધેલી ઉલટ તપાસમાંના સાહેદોએ આરોપીઓના બચાવને મદદરુપ થાય તેવી હકીકતોનો સ્વીકાર કરેલ છે ત્યારે ફરીયાદી સહીતના ફરીયાદપક્ષના મહત્વના સાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી ન હોય ફરીયાદ તથા સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને મદદ મળતી નથી. તે જ રીતે ફરીયાદ પક્ષ તરફે રજુ કરેલ આ કામમાં ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ આંક.૪૪ થી તથા આરોપીઓના શરીર સ્થિતિનુ પંચનામુ આંક.૪૬ થી તથા કલમ–૨૭ હેઠળનુ પંચનામુ આંક.૪૭ થી આરોપીઓએ રજુ કરેલ મુદ્દામાલનુ પંચનામુ આંક.૫૦ થી તેમજ આરોપી કાનાભાઈએ રજુ કરેલ મુદ્દામાલનુ પંચનામુ આંક.૫૧ ના પંચનામાના પંચ સાહેદ જયકુમાર ભરતભાઈ શાહ તથા પ્રતિકકુમર રામચંદ્ર પટેલ તથા પંચ સાહેદ રાકેશભાઈ રમણલાલ શાહ તથા પંચ સાહેદ જીતેન્દ્રભાઈ મગનલાલ ભગત તથા પંચ સાહેદ સતીષભાઈ ડાહ્યાભાઈ

બારીયાનાઓને સોગંદ ઉપર તપાસવામા આવેલા છે. આ તમામ પંચ સાહેદોએ તેના સોગંદ ઉપરના પુરાવામાં તેઓની પોલીસે તૈયાર પંચનામામા સહીઓ લીધેલ હોવાનુ અને સહી કર્યા સિવાય પંચનામા વિશે કંઈ જાણતા નહી હોવાનુ જણાવતા હોય તમામ પંચ સાહેદો ને એ.જી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ એ.જી.પી.શ્રીએ પુછેલ પ્રશ્નોના જવાબ તમામ પંચ સાહેદો એ પંચનામાની હકીકતોની સ્પષ્ટ ઈન્કારી કરેલ છે અને પોતાની સર તપાસને વળગી રહે છે અને આરોપી તરફેની ઉલટ તપાસમાં પણ પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનુ અને તેઓની હાજરીમાં કોઈ હથિયાર કબજે કરેલ હોય ન હોવાનુ જણાવી પંચનામા વિશે કંઈ જાણતા નહી હોવાનો સ્વીકાર કરે છે ત્યારે સ્વતંત્ર પંચ સાહેદોના સમર્થનકારી પુરાવાના અભાવે પંચનામા કે પંચનામાની વિગતે ગુન્હાવાળી જગ્યા કે આરોપીઓની શરીર સ્થિતિ તેમજ આરોપીઓ દ્વારા રજુ કરેલ મુદ્દામાલ હથિયાર રીકવર કરેલ હોવાનુ પુરવાર થઈ શકેલ નથી. તે જ રીતે તબીબી સાહેદે સમક્ષ ઈજા પામનારાઓએ પોતાને કોને ઈજા કરેલી છે તે નામ જણાવતા નથી કે કયા હથિયારથી કયા આરોપીએ કઈ ઈજા કરેલી છે તે પણ જણાવતા નથી અને તબીબી સાહેદે કોઈ વ્યકિત સખત અને બોથડ પદાર્થ પર પડે અથવા અથડાય તો સર્ટી.મા જણાવ્યા મુજબની ઈજા થવા સંભવ હોવાનુ

જણાવેલ હોય તેમના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને ખાસ કોઈ મદદ મળતી હોવાનુ જણાય આવતુ નથી. તે જ રીતે ત.ક.અ.ને બનાવની કોઈ અંગત માહીતી નથી સમગ્ર તપાસ શ્રી બાજપાઈએ કરેલી હોવાનુ અને આરોપીઓ સામે ચાર્જશીટ ડી.જે. ચાવડાનાઓએ કરેલ છે પરંતુ ફરીયાદી અને સાહેદોએ ફરીયાદ અને પોલીસ નિવેદનની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેનાથી તદ્દન જુદી જ હકીકતો તેના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ હોય તેવા સંજોગોમા આ પોલીસ સાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને કોઈ મદદ મળી શકેલ નથી. તે જ રીતે ફરીયાદ પક્ષ તરફે બનાવ સમયે અમલમાં રહેલ હથિયારબંધીનુ કોઈ જાહેરનામુ રજુ કરેલ નથી કે તે જાહેરનામાની પ્રસિધ્ધી સબંધે કોઈ જ પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારે બનાવના અરસામા બનાવવાળી જગ્યાએ હથિયારબંધીનુ જાહેરનામુ અમલમાં હતુ તેવુ પણ પુરવાર થઈ શકતુ નથી. આમ, સમગ્ર પુરાવાઓ જોતાં હાલના આરોપીઓને આ ગુનાની સાથે સાંકળી શકાય તેવો કોઈપણ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલો નથી જેથી આરોપીઓને આ ગુનાના કામે તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોય, મુદ્દા નં.૧ થી ૫ નો જવાબ નકારમાં આવી મુદ્દા નં.૬ પરત્વે આખરી હુકમ ફરમાવુ છું.

**–:: આ ખ રી હુ ક મ :–**

(૧) આ કામના આરોપી નં.(૧). ભુરાભાઈ ઉર્ફે ભુરીયા જીવણભાઈ ચારણ, તથા આરોપી નં. (૨). પુનાભાઈ ઉર્ફે પુનિયા જીવણભાઈ ચારણ, તથા આરોપી નં.(૩). કિશનભાઈ ઉર્ફે ચંગુ રવિભાઈ ગોરખા, તથા આરોપી નં. (૪). લાલાભાઈ રાયભણભાઈ ભરવાડ, તથા આરોપી નં.(૫). બાલાભાઈ જેસીંગભાઈ ભરવાડ, તથા આરોપી નં. (૬). મફાભાઈ જીવણભાઈ ભરવાડ, તથા આરોપી નં. (૭). મેલાભાઈ કાળુભાઈ ભરવાડ તથા આરોપી નં. (૮).કાનાભાઈ ગોકળભાઈ ચારણ,રહે.હાલોલ, તા.હાલોલ, જિ.પંચમહાલ તથા આરોપી નં (૯). રામાભાઈ ઉર્ફે રામલો ગોવિંદભાઈ ઉર્ફે રાયભણભાઈ ભરવાડ, તથા આરોપી નં.(૧૦). ભોજાભાઈ ઉર્ફે ભોટલો રાયભણભાઈ ભરવાડ, તથા આરોપી નં.(૧૧). રણુ ઉર્ફે રણીયો ગોવિંદભાઈ ભરવાડ,રહે.સંતનગર દાવડા ફળીયુ, હાલોલ, તા.હાલોલ, જિ.પંચમહાલનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–ઈ.પી.કોડની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૦૭,૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૨૦બી તથા જી.પી.એકટ કલમ –૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના દરેક આરોપીએ અપીલના સમય માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ)ની જોગવાઈ મુજબ અપીલના સમય

માટે રૂા.૫,૦૦૦–૦૦ ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) મુ.પા.નં.૧૯૫/૧૩ તથા મુ.પા.નં.૧૯૭/૧૪ માં દર્શાવેલ મુદ્દામાલ લાકડીઓ,લોખંડની પાઈપોનો અપીલ સમય વિત્ય નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ વાહન એક સફેદ કલરની સેસન્ટ ગાડી નં.જીજે૧કેએન–૮૮૭૪ બાબતે અગાઉ જે વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તે આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ ચુકાદાની એક નકલ સેશન્સ કેસ નં.૫૮/૧૮ ના કામમાં મુકવી.

હુકમ આજરોજ તા.૩૧મી માહે–જુલાઈ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૩૧/૦૭/૨૦૧૯
સ્થળ : હાલોલ.

**(એસ.વી.શર્મા)**
સાતમાં એડીશ્નલ સેસન્સ જજ,
પંચમહાલ, મુ.હાલોલ.
(કોડ નં.જીજે૦૫૩૬)

ડી.ઓ.રાણા